॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ : ૧૨ નવેમ્બર-ડિસેમ્બર ૧૯૯૧ અંક : ૩

## વાલીઓને,

### બાળકનાં વિકાસમાં ઘરનો ફાળો :

બાળકને કેળવણી માત્ર શાળાઓ આપે તે ભ્રામક ખ્યાલ કાઢી નાખવા જેવો છે. શાળાનું વાતાવરણ, મિત્રવર્તુળ, અને શાળાની પ્રવૃત્તિઓની અસર અવશ્ય ઘેરી અને દીર્ઘકાલીન હોય છે પણ શાળાઓ હાલના તબક્કે મુખ્યત્વે જ્ઞાન આપી શકે છે, કેળવણી નહી.

બાળકોને નજીકથી જોવાનો જ્યારે જ્યારે પ્રસંગ પ્રાપ્ત થયો છે ત્યારે ત્યારે આ વાત વધુને વધુ સ્પષ્ટ બનતી ગઇ છે. મુખ્યત્વે પ્રવાસોમાં બાળકોને નજીકથી જોવાનું બને છે અને ત્યારે ઘરના ઉછેરને જોવાનું મળ્યું છે.

થોડા વર્ષો પહેલાનો એક પ્રસંગ યાદ આવે છે. અમે દક્ષિણ ભારતના પ્રવાસે ગયા હતા અને ટ્રેનમાં દ્રાક્ષ વેચવાવાળો આવ્યો. કેટલાક બાળકોએ દ્રાક્ષ લઇને ખાવાનું શરૂ કર્યું. બહારના ફળો કે કોઇ ચીજવસ્તુ ધોઇને, સાફ કરીને જ ઉપયોગમાં લેવી તેમ અનેકવાર કહ્યું હોવા છતાં જ્યારે સમય આવે ત્યારે તેની દરકાર થતી નથી તે અનુભવ ઘણીવાર થયો છે. પરંતુ એક વિદ્યાર્થિનીએ તો લૂમમાંથી એક એક દ્રાક્ષ છૂટી પાડી, ખરાબ દ્રાક્ષ ફેંકી દીધી, છૂટી પાડેલી દ્રાક્ષને પાણીથી બરાબર સાફ કરીને પછી જ ખાવાની શરૂઆત કરી. આજે તો સફળ કારકિર્દી પર તેને જોઉં છું ત્યારે પણ આ વાત યાદ આવે છે. વાત તો નાની લાગે પણ ઘરનાં સંસ્કારોનું મહત્ત્વ સમજાવે છે.

શાળાઓ પાસે નિશ્ચિત સમયમાં કરવા માટેનો નિશ્ચિત અભ્યાસક્રમ હોય છે. આ જ્ઞાન આપવાની પ્રક્રિયા યાંત્રિક રીતે ચાલતી હોય છે તેની વાસ્તવિકતા વાલી વર્ગ પર પહોંચી નથી. વાલી પોતે પણ પોતાની યાંત્રિક જીવન વ્યવસ્થામાં વ્યસ્ત હોય છે, અને બાળકની કેળવણીનું કાર્ય શાળાઓને સોંપ્યું છે તેમ નિશ્ચિતપણે માને છે. સંયુક્ત કુટુંબોની વ્યવસ્થા ખોરવાતી જાય છે. અને બાળકના વિકાસની, તેને કેળવવાની, તેનામાં સુટેવો દ્રઢ થાય તે જોનાર પરિબળનો શૂન્યાવકાશ છે તે સમજાવાની સ્પષ્ટતા ઇલેક્ટ્રોનિક માધ્યમોના જંગલોના સંદર્ભમાં ઝાંખી થઇ ગઇ છે તેનું દુઃખ છે.

**દિનુભાઇનાં વંદન.**

## પાંગરતી પ્રતિભા

બાળક જન્મે છે ત્યારે તેનું સૌ પ્રથમ વર્તુળ તે તેનાં માતા, પિતા, પછી તેમાં ભાઇ ભાંડુ, મિત્રો, સહાધ્યાયીઓ, શિક્ષકો, વ્યવસાયી મિત્રો, એક પછી એક ઉમેરાતા જાય ને એ વર્તુળ મોટું થતું જાય, ને એમાં તેનું ઘડતર, તેનું સમાજીકરણ થતું જાય... બાળકનાં વ્યક્તિત્વનાં આ વિકાસમાં તેનાં માતાપિતા અને તેની શાળાનો ફાળો અમૂલ્ય છે. તેની પ્રતિભાને પાંગરવા માટે શિક્ષણ, પ્રોત્સાહન, પ્રેરણા, એ બધાં મહત્ત્વનાં તો છે જ પણ તે સાથે બાળકના પોતામાં પણ motivation ઘણું જરૂરી છે, આવા કેટલા બાળકોની એ પાંગરતી પ્રતિભાનો સંક્ષિપ્ત ઉલ્લેખ અત્રે કરતાં આનંદ અનુભવું છું.

**અર્પી સ્નેહલભાઇ શાહ : (ધો. ૬ બ)**માં ભણતી ચિ. અર્પીને જુઓ ત્યારે તેનાં નાજુક દેહને જોઇ બે પળ વિચાર થાય, આ શું ? પણ એ જ અર્પીના શંકર્શ ઇન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ આર્ટ કોમ્પીટીશનમાં મોકલેલ ચિત્ર **'મેરા ભારત મહાન'** પરથી તાજેતરમાં બાલદિન નિમિત્તે ટપાલની ટિકિટ બહાર પડી અને તેનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના ઉપરાષ્ટ્રપતિએ તેના ચિત્રની ખૂબ પ્રશંસા કરી. હૈદ્રાબાદની ૨૬મી ઓલ ઇન્ડિયા ચાઇલ્ડ આર્ટ કોમ્પીટીશનમાં તેને સ્ટેટ એવોર્ડ અને સુવર્ણચંદ્રક મળ્યો. ચિત્રકળા તેની રગેરગમાં વ્યાપી ગઇ છે. આટલી નાની ઉંમરે ચિ. અર્પીએ બાર ચંદ્રકો જેમાં ત્રણ સુવર્ણચંદ્રક તથા ત્રીસેક પ્રમાણપત્રો મેળવ્યા છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિ. અર્પીએ ચિત્રકલાક્ષેત્રે જે સિદ્ધિ અત્યાર સુધી હાંસલ કરી છે તે અભિનંદનીય છે, તેની પ્રતિભા દિનપ્રતિદિન પાંગરતી જ રહે તેવી શુભાશિષ.

**શર્વિલ ટંકશાળી (ધો. ૧ અ)** : ચિ. શર્વિલ બહુમુખી પ્રતિભા ધરાવતો, વિદ્યાર્થી છે. ચિત્રકલા તેને જાણે બાળપણથી જ વરી છે. હૈદ્રબાદની ચાઇલ્ડ આર્ટ ક્લબ આયોજિત ૨૬મી ઓલ ઇન્ડિયા સ્પોટ પેઇન્ટીંગ કોમ્પીટીશનમાં તેણે **'શહેરને સ્વચ્છ રાખો'** ચિત્ર માટે સુવર્ણચંદ્રક મેળવ્યો. ઓલ ઇન્ડિયા ઇન્વીટેશનલ ચિત્ર સ્પર્ધામાં 'કાંસ્ય ચંદ્રક' મેળવ્યો. તા. ૨-૧૦-૯૧નાં રોજ હૈદ્રબાદ ખાતે તેને ડૉ. પી. વી. રંગારાવને હસ્તે ત્રણ ઇનામો અને ચંદ્રક મળ્યાં, ગુજરાત રાજ્ય જિલ્લા રમતજગત પરિષદ દ્વારા યોજાયેલ તત્કાળ ચિત્ર સ્પર્ધામાં તેણે પ્રથમ ઇનામ મેળવ્યું. જ્યોતિ બાલચિત્ર સ્પર્ધામાં તેણે આશ્વાસન ઇનામ મેળવ્યું , પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર (ઉદયપુર) તથા ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક કેન્દ્ર આયોજિત વેશભૂષા સ્પર્ધામાં તેણે ૧ થી ૧૦ ધોરણ સુધીના બાળકોમાં પણ પ્રથમ ઇનામ અને ટ્રોફી મેળવ્યાં છે. ભાઇ શર્વિલને ખૂબ ખૂબ ધન્યવાદ, તેનું ભાવિ ઉજ્જ્વળ છે.

# કડવા ઘૂંટડા

હેલી, પ્રિયંકા, સ્નેહા સૌ નાસ્તો કરવામાં મશગૂલ હતાં, અવનવી વાતો ને નાસ્તાની મઝા માણી રહ્યાં હતા ત્યાં તો એકાએક પ્રિયંકાના નાસ્તાના ડબ્બામાં ક્યાંકથી બોલ આવીને પડયો. નાસ્તો ઉછળીને બહાર વેરાઇ ગયો, અને જે કાંઇ રહ્યો સહ્યો તે પણ રેતીવાળા ગંદા બોલને લીધે ખાવા યોગ્ય રહ્યો નહી, પ્રિયંકા રડુ રડુ થઇ ગઇ, થોડી પળો પહેલાંની મઝા એકાએક ઉદાસીનતામાં ફેરવાઇ ગઇ...'કોઇની મઝા ને બીજાની સજા'...

રીસેસમાં લગભગ રોજ જ આવા પ્રસંગો બને છે, તેને કારણે વારંવાર વિદ્યાર્થીઓને સૂચન પણ કરવામાં આવે છે કે 'શાળામાં કોઇએ બોલ લાવવો નહી' અને છતાં ય વિદ્યાર્થીઓ આવા સૂચનને જરા પણ ધ્યાન પર લેતાં જ નથી... રોજ બે ચાર વિદ્યાર્થી તો આવે જ કે ''મારો બોલ અગાસીમાં ગયો છે કાઢી આપો ને !'' ...ને ત્યારે અનેક પ્રશ્નોની હારમાળા મગજમાં ઘૂમરાય છે.

'રીસેસ શાને માટે હોય છે ?', 'ચારેક તાસ સુધી ભણ્યાં પછી ખર્ચાઇ ગયેલી શક્તિની જગ્યાએ પુનઃ શક્તિનો સંચાર કરવા, નાસ્તો કરવા માટે કે રમવા માટે ? 'રીસેસ હોય તો બાલસહજ રીતે રમવાનું પણ મન તો થાય જ ને ?'' ''રમવાથી પણ હળવાશ તો અનુભવાય જ ને ! તો પછી એમાં ખોટું શું ?'' ''પરંતુ નવી શક્તિનાં સંચારનું શું ?'' 'રીસેસમાં નાસ્તો ન કરે ને ફક્ત રમ્યા જ કરે તો બાળકની કેટલી બધી શક્તિ ખર્ચાઇ જાય ! ...પછી તે થાક્યો પાક્યો બાકી રહેલા તાસમાં ધ્યાન આપી ભણી શકે ખરો ? 'અને હળવાશ જ અનુભવવી છે તો અવનવી વાતોથી પણ ક્યાં relax નથી થવાતું ? ...''શું બોલ સિવાય બીજી કોઇ રમત જ આજના બાળકોને નથી ફાવતી ? રમવું જ છે તો ઊભી ખો, હુતુતુ, લંગડી, ખોખો, બોલ સિવાય પણ કેટલી રમતો રમી શકાય કે જે બીજા કોઇને પણ મુશ્કેલી ઊભી ન કરે !..''

અમારો અભિગમ તો સતત એ જ રહ્યો છે કે બાળકે મોટી રીસેસમાં તો નાસ્તો કરવો જ જોઇએ અને તે પણ ઘરનો અને પોષ્ટિક નાસ્તો... બાળક નાનું હોય ત્યારથી જેમ તેનાં સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન તેને ''આમ થાય અને આમ ન થાય'' તેમ સતત શીખવાડવું પડે છે તેમ રીસેસમાં ઘરનાં અને પૌષ્ટિક નાસ્તા માટે અમે સતત આગ્રહ રાખીએ છીએ. વિદ્યાર્થીઓમાં બીજાની દ્રષ્ટિએ જોવાનું મનોવલણ કેળવાય, બીજાને મુશ્કેલીન ન પડે તેવું વર્તન કેળવાય તે માટે જ અમારે ક્યારેક કડક શિસ્તનો આગ્રહ રાખવો પડે છે. કડવા ઘૂંટકા પાવા પડે છે પણ તેય કોને માટે ?...

ઊર્મિલા શાહ

---

પુસ્તક શિક્ષણ તે જ શિક્ષણ છે એવા
અંધ સંસ્કાર બાળકના મન ઉપર
કદાપિ પડવા દેવા જોઈએ નહિ.
તેમને પળે પળે એવું સમજાવતાં રહેવું જોઈએ કે
પુસ્તકમાં જે જ્ઞાન છે તે પ્રકૃતિના
અક્ષય ભંડારમાંથી મેળવેલું જ્ઞાન છે.

---

## સાહસ તારું બીજું નામ યુવાની

સાહસ પ્રેરક બળ છે,
પ્રગતિ ઝંખતા યુવાન માટે,
સિધ્ધિ, યશ કીર્તિ ને માન,
સાહસિક હોય તેને જ વરે.
ખોટું સાહસ અભિશાપ છે,
સાચું સાહસ વરદાન,
સાહસ એ જ યુવાની છે,
સાહસિક સદા રહે યુવાન

અનુજ શાહ (૭ક)

---

## મને ગમે રે

ઝાડ પર મીઠા ટહૂકાર કરતી
પેલી કોયલ મને ગમે રે,
હસતા ખીલતાં કોમળ ફૂલ,
રંગ એના મને ગમે રે,
કળા કરીને નાચંતા પેલા
ટેહૂક ટેહૂક કરતાં મોર, મને ગમે રે,
રંગબેરંગી ફૂલ પર
ઉડતાં પતંગિયા મને ગમે રે
આકાશે ઉડતાં ને મીઠું બોલતા
કલરવ કરતાં પંખી મને ગમે રે,
તળાવના પાણીમાં તરતાં
સુંદર હંસ જોવા મને ગમે રે,
જંગલના ઝાડ ને નાના એ છોડ પણ
હસતાં ને ડોલતા મને ગમે રે,
આભે ચઢીને પેલું મીઠું રે હસતો
ચમકંતો ચાંદો મને જોવો ગમે રે

અમૃતા અવનિન્દ્રભાઈ વ્યાસ (૪ અ)

---

હે ચકલી ! તું શીદને બાંધે માળા
આ માણસ સૌ છે ન્યારા
એ કાઢી નાંખશે માળા.
હે માનવ ! તું શીદને કાઢે માળા !
નહીં દયા ભાવ તારામાં
વિશ્વાસ રાખે કોણ તારામાં ?
ચપટી દે તું ચણ
પણ ઝૂંટવી લેતું મણ,
હે માનવ ! તું શીદને પજવે અમને ?

---

જો હોત હું બાળક નાનું તો નિર્દોષ રહીને,
પારણે ઝૂલવાની મજા કેવી માણત !
કાલી બોલી બોલીને લોકોના દિલ જીતીને,
પ્રેમથી રમાડે કોઇ ત્યારે, ખિલખિલાટ હસવાની કેવી મઝા !
નહીં રાગ કે દ્વેષ, ચારે બાજુથી પ્રેમ વરસે
હસતાં રમતાં ખીલવાની કેવી મઝા માણત !
નહીં જવાબદારીની ઝંઝાળ નહીં કશી ચિંતા કે ફિકર
શાંતિ ને સુખ ભર્યું જીવન જીવવાની કેવી મઝા માણત !

તોરલ કે શાહ (૮ ક)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**તા. ૧૨-૧૦-૯૧**ને શનિવારે બાલમંદિરની તાલીમ મંડળીના બાળકોએ નવરાત્રી ઉત્સવ ઉજવ્યો. રાસ-ગરબા, રૂમાલ, દીવા તથા મંજીરા લઇને વિવિધ પ્રકારનં ગરબાનું આયોજન કરવામાં આવ્યું, નાની મંડળીથી માંડીને તાલીમ મંડળી સુધીનાં ભાઇ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને કાર્યક્રમને સફળ બનાવ્યો.

**તા. ૧૬-૧૦-૯૧**ને બુધવારનાં રોજ બાળકોએ ફરીથી ગરબે ઘૂમી ગરબાની રમઝટ બોલાવી, ને શરદપૂર્ણિમા સુધી શ્રી કૃષ્ણનાં રાસ તથા ગરબાનો લ્હાવો લીધો.

દીપોત્સવીનાં તહેવારોની રજાની મઝા માણીને બાળકો ફરીથી પાછાં નિયમિત શાળામાં આવતાં થઈ ગયાં છે. આ સત્રમાં પ્રવાસ, રમતગમત, ચિત્રસ્પર્ધા, સુલેખન સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા વિ.નું આયોજન કરવામાં આવ્યું છે. બાળકો ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લે તે માટે વાલીઓને વિનંતી.

### અભિનંદન

તાલીમવર્ગની **ચિ. સ્તુતિ પ્રજ્ઞેશભાઈ શાહ**ને આંતરરાષ્ટ્રીય બાલિકા વર્ષ નિમિત્તે હૈદ્રાબાદની 'પ્રથમ ઓલ ઇન્ડિયા રંગોળી ડીઝાઇન એકઝીબીશન ફોર ગર્લ્સ' તરફથી યોજાયેલ સ્પર્ધામાં મેરીટ સર્ટીફીકેટ મેળવા બદલ ધન્યવાદ.

## શિશુ મંદિર

**તા. ૫-૧૦-૯૧**નાં રોજ અંધજન મંડળના રેવન્યુ ખાતાના શ્રી મીરાંબહેને શાળાના બાળકોને અંધજન મંડળની સેવા અને સહકારની પ્રેરણા આપીને 'મેચ બોક્સ પ્રોજેક્ટ'ની સમજ આપી, પરિણામે પ્રોત્સાહિત થયેલ ધો. ૫, ૬, ૭નાં બાળકોએ એક સપ્તાહ જેટલા ટૂંકા ગાળામાં રૂ. ૫૭૬૦૦ જેટલું ભંડોળ એકત્રિત કર્યું તે માટે બાળકોને ધન્યવાદ.

**તા. ૨૪-૧૦-૯૧**ના રોજ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સાઉથનાં ઉપક્રમે બાળકોને પ્રાથમિક ઉપચાર, ગૃહસલામતિ, આગ, વીજળી, પાણી, અકસ્માત વગેરેમાંથી બચવા માટે માર્ગદર્શન આપતી વીડીયો કેસેટો બતાવવામાં આવી અને બાળકોને તેની પુસ્તિકાઓ પણ આપવામાં આવી.

ધો. ૧ થી ૭ ના બાળકોના મનોરંજન માટે તા. ૧૨-૧૨-૯૧નાં રોજ તથા તા. ૧૪-૧૨-૯૧ના રોજ જાણીતાં મદારી સામતાપ્રસાદનાં ખેલનું આયોજન કરવામાં આવ્યું, વિદ્યાર્થીઓએ કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો.

**નવરાત્રિ ઉત્સવ :-** તા. ૧૨-૧૦-૯૧ના રોજ ધો. ૧ થી ૭ ના ભાઇબહેનોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થઇ ગરબાની રમઝટ બોલાવી જેમાં વિજેતા નિવડનાર ભાઇબહેનોને અભિનંદન. આ દિવસો દરમિયાન માતાજીના પૂજન, સ્તુતિ પાઠ અને માતાજીનાં ગરબાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

### સ્પર્ધાઓ :-

**આંતરગૃહ ગરબા ડેકોરેશન સ્પર્ધા :- તા. ૭-૧૦-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | પ્રીતિ વૈષ્ણવ | (૭ બ), | ગંગોત્રી |
| **દ્વિતીય :** | શિમોલી શાહ | (૬ અ), | ધવલગિરિ |
| | દેવકી દવે | (૫ ક), | રત્નદીપ |
| **તૃતીય :** | ગાયત્રી પટેલ | (૬ ક), | રત્નદીપ |
| | નીતિ શાહ | (૭ અ), | ગંગોત્રી |
| **આશ્વાસન :** | રત્નારાણી દવે | (૭ બ), | મેઘનાદ |

**આંતરગૃહ આરતી સ્પર્ધા :- ૧૪-૧૦-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | આર્જવ શાહ | (૭ બ), | મેઘનાદ |
| **દ્વિતીય :** | રાજવી શેઠ | (૭ અ), | ધવલગિરિ |
| | ઝરણા શાહ | (૭ અ), | મેઘનાદ |
| **તૃતીય :** | ડેનીશ શાહ | (૭ અ), | ગંગોત્રી |
| | મૈત્રેયી શાહ | (૭ અ), | રત્નદીપ |

**આંતરગૃહ અભિનંદન કાર્ડ સ્પર્ધા : ૨૬-૧૦-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | ઋતા પટેલ | (૭ ક), | ગંગોત્રી |
| **દ્વિતીય :** | અનુજા શાહ | (૭ ક), | ગંગોત્રી |
| | આનંદ બોડીવાલા | (૭ ક), | રત્નદીપ |
| **તૃતીય :** | કિંજલ મહેતા | (૭ અ), | રત્નદીપ |
| | ધવલ વસા | (૭ અ), | ધવલગિરિ |

**આંતરગૃહ રંગોળી સ્પર્ધા ૨૮-૧૦-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | નંદિત રાજા | (૭ અ), | ગંગોત્રી |
| **દ્વિતીય :** | આર્જવ શાહ | (૭ બ), | મેઘનાદ |
| | ધૈર્ય શાહ | (૭ અ), | ધવલગિરિ |
| **તૃતીય :** | અનાર જોશી | (૭ અ), | રત્નદીપ |
| | ચિંતન સુતરિયા | (૭ અ), | રત્નદીપ |

**આંતરગૃહ સલાડ સ્પર્ધા : ૩-૧૨-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | પ્રાચી પટેલ | (૭ બ), | મેઘનાદ |
| **દ્વિતીય :** | આનંદ બોડીવાલા | (૭ ક), | રત્નદીપ |
| | ઉષ્મા વકીલ | (૭ અ) | ધવલગિરિ |
| **તૃતીય :** | અનોલી મહેતા | (૫ ક), | રત્નદીપ |
| | નીતિ શાહ | (૭ અ), | ગંગોત્રી |
| | શાલિન પરીખ | (૭ ક), | મેઘનાદ |

**ચિત્ર સ્પર્ધા : ૧૦-૧૨-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :** | રૂચિ સોપારકર | (૬ બ), | મેઘનાદ |
| **દ્વિતીય :** | આર્જવ શાહ | (૭ બ), | મેઘનાદ |
| **તૃતીય :** | ગાયત્રી પટેલ | (૬ ક), | રત્નદીપ |
| | કોષા શાહ | (૬ બ), | ધવલગિરિ |
| આશ્વાસન : | દર્શિત શાહ | (૭ ક), | રત્નદીપ |
| | કલગી શાહ | (૭ અ) | ધવલગિરિ |

સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપનાર શ્રી મિનળબેન શાહ, શ્રી અલ્પાબેન વચ્છરાજાની, શ્રી પંચાલ સાહેબ તથા શ્રીમતી સચદેવ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

વિજેતા વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** ધો ૧ થી ૪નાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે તા. ૨૧-૧૦-૯૧નાં રોજ અભિનંદન કાર્ડ સ્પર્ધા યોજવામાં આવી જેમાં બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા નિવડનાર સૌ વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

**અભિનંદન.**

**ચેસ :** આસરપોટા ચેસ ક્લબમાં ૧૨ વર્ષની વયજૂથમાં કુ. ઝીલ મહેતાને (૭ અ) પ્રથમ આવી રૌપ્યચંદ્રક તથા પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

**ટ્રેકિંગ :** 'યુથ હોસ્ટેલ એસોશિએશન ઓફ ઇન્ડિયા'ના અમદાવાદ યુનીટ તરફથી **તલાટી ભાવિ** (૪ ક)ને ટ્રેકિંગ માટે સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

**કરાટે :** ગુજરાત એમેચ્યોર્સ ટેક્વોન્ડો એસોશિએશન તરફથી યોજાયેલ કરાટે સ્પર્ધામાં ચિ. હર્ષ અમીન(૪ અ)ને સુવર્ણચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**ચિ. કાર્તિક જેટલી (૧ અ)**ને 'તૃતીય ઓલ ઇન્ડિયા કરાટે ચેમ્પીયનશીપમાં દ્વિતીય ઇનામ મેળવી રૌપ્યચંદ્રક મેળવવા બદલ તથા '૬ઠ્ઠા ઓલ ઇન્ડિયા કરાટે ચેમ્પીયનશીપ'માં જયપુર ખાતે કાંસ્યચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**ચિત્ર : ચિ. અર્પી સ્નેહલભાઇ શાહ**નું ચિત્ર 'મેરા ભારત મહાન' બાલદિન નિમિત્તે બહાર પાડેલ રૂ. ૧/-ની ટપાલ ટિકીટ માટે પસંદગી પામ્યું છે તે માટે ખૂબ ધન્યવાદ. ચિ. અર્પીએ 'અંકલ બાબજી ૨૬માં ઓલ ઇન્ડિયા ચાઇલ્ડ આર્ટ કોમ્પીટીશન ૧૯૯૧માં હૈદ્રાબાદ ખાતે સ્ટેટ એવોર્ડ તથા સુવર્ણચંદ્રક મેળવ્યાં છે, તે માટે પણ અભિનંદન.

**ચિ. શર્વિલ ટંકશાળી (૧ ક)**ને 'અંકલ બાબજી ૨૬મા ઓલ ઇન્ડિયા આર્ટ તત્કાલ ચિત્ર સ્પર્ધા'માં સુવર્ણચંદ્રક મેળવવા બદલ અભિનંદન. ચિ. શર્વિલે આ જ સંસ્થાના ઓલ ઇન્ડિયા આર્ટ કોમ્પીટીશનમાં પણ સ્ટેટ એવોર્ડ મેળવ્યો છે તે માટે ધન્યવાદ.

જ્યોતિ બાલચિત્ર સ્પર્ધામાં **તેજલ કનુભાઇ પરીખ (૫ અ)**ને આશ્વાસન ઇનામ મેળવવા બદલ અભિનંદન.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં **ચિ. રાજીક ઝવેરી** (૪ બ)ને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

લાયન્સ ક્લબ ઓફ નરોડા તથા શેઠ એમ. જે. પુસ્તકાલયનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ **ચિ. વૈભવ દવે** (૬ અ) ને અભિનંદન.

## વિનયમંદિર

સપ્ટેમ્બરમાં ધો. ૯ નો 'બાકોર' (જી. પંચમહાલ)તથા ઓકટોબરમાં ધો. ૮-૯-૧૦નો 'માઉન્ટ આબુ'નો પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

શાળામાં ઘણાં લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપ્યાં બાદ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા **શ્રી રમણભાઇ એ. ભટ્ટ અને શ્રી હેમલતાબેન એમ. શાહ**નાં માનમાં તા. ૩૦ ઓકટોબરનાં રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો , જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક મિત્રોએ, મુ. દિનુભાઇએ એમની સેવાઓને બિરદાવીને તંદુરસ્તીભર્યા શેષ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી.

તા. ૬-૧૨-૯૧ના રોજ એપ્રીલ ૧૯૯૧ની એસ. એસ. સી. પરીક્ષામાં writer તરીકે સેવા આપનાર વિદ્યાર્થી ભાઇબહેનો માટે અંધજન મંડળની મુલાકાત યોજવામાં આવી, તેમણે આખીય સંસ્થાની પ્રવૃત્તિઓને ખૂબ રસપૂર્વક નિહાળી.

**તા. ૭-૧૨-૯૧**ને શનિવારે યોજવામાં આવેલ આંતરગૃહ સુલેખન તથા નિબંધ સ્પર્ધામાં નીચેનાં વિદ્યાર્થી ભાઇબહેનો વિજેતા નિવડ્યા છે તે માટે તેમને ધન્યવાદ.

**સુલેખન સ્પર્ધા**

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | ખ્યાતિ ચોકસી, | (૯ અ), મેઘદૂત |
| **દ્વિતીય :** | ચૈતાલી શાહ, | (૯ બ), ચંદ્રમૌલિ |
| **તૃતીય :** | વિરાજ શાહ, | (૮ ક), પદ્મપુકુર |
| | ફાલ્ગુની શાહ, | (૯ બ), ગીતગોવિંદ |

**નિબંધ સ્પર્ધા**

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | કૃતિ વોરા, | (૯ ક), પદ્મપુકુર |
| **દ્વિતીય :** | અનુજા શ્રોફ, | (૯ ક), ચંદ્રમૌલિ |
| | મોના દેસાઇ | (૯ ક), મેઘદૂત |
| **તૃતીય :** | મિલોની ફોજદાર | (૮ અ), મેઘદૂત |

**તા. ૧૦-૧૨-૯૧**નાં રોજ ધોરણ ૮ અને ૯ નાં વિદ્યાર્થીઓ માટે જાદુ અને મદારીનાં ખેલનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

**તા. ૧૪-૧૨-૯૧**નાં રોજ આંતરગૃહ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા નિવડયાં તે માટે તેમને અભિનંદન.

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | સુનેન પંડયા, | (૯ બ), મેઘદૂત |
| **દ્વિતીય :** | સુજલ મુન્શી, | (૯ અ), પદ્મપુકુર |
| | મૌલેશ પાઠક, | (૯ અ), ચંદ્રમૌલિ |
| **તૃતીય :** | ફાલ્ગુની શાહ, | (૯ બ), ગીત ગોવિંદ |
| | સેજલ શાહ, | (૮ ક), ગીત ગોવિંદ |

**અભિનંદન**

વન્ય સપ્તાહ નિમિત્તે સુંદરવન ખાતે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ ચિ. જપન પાઠક (૧૦ અ)ને અભિનંદન.

'લાયન્સ ક્લબ ઓફ નરોડા' અને એમ. જે. લાયબ્રેરીનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'બાળ ચિત્રકળા સમારોહ'માં ૧૧ થી ૧૪ વર્ષના જૂથમાં પ્રથમ આવવા બદલ **ચિ. કૌલવ રાજશેખર ભગત** (૯ ક)ને અભિનંદન.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદા મંદિર, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.**
**મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. ફોન : ૪૧૨૭૮૮.**